RNI. No.GUJGUJ/2014/56392

# ક્રાઈમ કિંગ

Crime King

Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

*AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

*Year : 7 * Issue No. 40 *Date:22.01.2021 *Friday *Page :04 *Rs. 01.00 *Annual Rs. 50/-

# ૧ ફેબ્રુઆરીથી કેદીઓ જેલમાં જ તેમના સ્વજનો સાથે મુલાકાત કરી શકશે

અમદાવાદ

એકપ એક દિવસ કરતાં નવ મહિના વિતી ગયાં. સાબરમતી જેલ સહિત રાજયની જેલોમાં બંધ કેદીઓ નવ-નવ મહિનાથી તેમના સ્વજનને રૂબરૂ મળી શક્યાં નહોતાં. કોરોનાના કારણે કેદી-મુલાકાત ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. હવે, તા. ૧ ફેબ્રુઆરીથી કેદીઓ જેલમાં જ તેમના સ્વજનો સાથે મુલાકાત કરી શકશે. જો કે, કેદીના સ્વજનનો કોરોના રેપીડ ટેસ્ટ નેગેટિવ આવશે તો જ મુલાકાત શક્ય બનશે. સાથો જ સોશિયલ ડીસ્ટન્સ સહિતના નિયમો પાળવા પડશે. કોરોના ઓસરતાં આ નિર્ણય લેવાયો છે પણ સાબરમતી જેલમાં આજે વધુ બે કેદી કોરોના પોઝીટિવ આવ્યાં છે. સાબરમતી જેલમાં કુલ ૩૦૦૦ કેદીઓને સ્વજન સાથે મુલાકાતનો લાભ તબક્કાવાર મળશે. ગુજરાત રાજ્ય જેલોના વડા ડો. કે.એલ. રાવે આજે તા. ૧૮ના રોજ જારી કરેલા પત્રમાં જણાવ્યું છે કે,એપ્રિલ-૨૦૨૦થી કોરોના વાયરસના સંક્રમણની મહામારીની પરિસ્થિતિમાં જેલોમાં સંક્રમણ નિયંત્રણના ભાગરૂપે કેદીઓની રૂબરૂ મુલાકાત પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. હાલમાં કોરોના સંક્રમણનું પ્રમાણ ધીમે-ધીમે ઓછું થઈ રહ્યું છે અને રેપીડ એન્ટિજન ટેસ્ટનો વ્યાપ પણ વધારવામાં આવ્યો છે. સાથો જ રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આવા સંજોગોમાં રાજ્યની જેલોમાં રહેલા કેદીઓ તેમના નજીકના લોહીના સંબંધ ધરાવતા કુટુંબીજનો સાથે રૂબરૂ મુલાકાતની અનુકુળતા કરવી કેદીઓના હીતમાં આવશ્યક જણાઈ છે. આથી શરતો અને કાર્યપદ્ધતિને આધિન કેદીઓની તેમના સ્વજનો સાથે પ્રત્યક્ષ મુલાકાત તા. ૧ ફેબ્રુઆરીથી ચાલુ કરવાની મંજુરી આપવામાં આવે છે. સાબરમતી જેલ સહિત રાજયની જેલોમાં કેદી મુલાકાત એપ્રિલ મહિનાથી બંધ હતી. સામાન્ય દિવસોમાં કેદીના સ્વજનોને અઠવાડિયે ૨૦ મિનિટ મળવાની મંજુરી અપાતી હતી તેના બદલે ૧૫ દિવસે ૨૦ મિનિટ જ મુલાકાત અપાશે. હાલમાં કુલ ૩૦૦૦ કેદી છે એવા સંજોગોમાં રોગચાળો ફેલાય નહીં તે માટેની વ્યવસૃથા ગોઠવવામાં આવશે. સોશિયલ ડીસ્ટન્સ જાળવવા ઉપરાંત મુલાકાત લેવા આવનાર વ્યક્તિ પાંચને બદલે ઘટાડીને એક-બે જ કરવામાં આવશે. આવનાર વ્યક્તિના રેપીડ ટેસ્ટ નેગેટિવ આવે તો જ પ્રવેશ અપાશે.જેલમાં રહેલા કેદીઓ સ્વજનો સાથે મુલાકાત થઈ ન હોવાથી કેદીઓ અકળાઈ ગયાં છે. આઠ મહિનાથી કોર્ટ પણ બંધ હોવાથી કેદી બહાર જઈ શકતાં નથી. જરૂર પડે તો વિડિયો કોન્ફરન્સથી કેદીને ઓનલાઈન રજૂ કરવામાં આવે છે. એ જ રીતે બિમાર પડતાં કેદીઓની સિવિલમાં સારવાર પણ ખૂબ ઓછી કરી નાંખી છે. ગંભીર બિમારી સિવાય કેદીને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં નથી. આમ છેલ્લા નવ-નવ મહિનાથી જેલમાં કંટાળેલા કેદીઓ માટે આખરે સ્વજનોને મળવાની તક આગામી ૧ ફેબ્રુઆરીથી શક્ય બનશે.

## પાંડેસરાના ૧૫૦ એકમોએ એક જ વર્ષમાં ૨૧ ટકા જેટલું વાયુ પ્રદૂષણ ઘટાડ્યુ

સુરત

દેશમાં પ્રથમ વખત એમિશન ટ્રેડિંગ અપનાવનાર પાંડેસરાં ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી હવે અમદાવાદના ઈન્ડસ્ટ્રિયલ એકમો માટે રોલ મોડલ બની છે. એક જ વર્ષમાં ૨૧ ટકા જેટલું વાયુ પ્રદૂષણ ઘટાડનાર પાંડેસરાના ૧૫૦ એકમોની કાર્યપ્રણાલી જાણવા અમદાવાદના ઉદ્યોગકારોએ સુરત આવવાની કાર્યપ્રણાલી સમજી છે. ૦૯ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ દેશમાં પ્રથમ વખત એવું સુરતની પાંડેસરા જીઆઈડીસી સ્થિતિ ટેક્સટાઈલ, કેમિકલ, ડાઈંગ-પ્રોસેસિંગ મિલ્સ સહિત શુગર ફેક્ટરીઓ મળીને કુલ ૧૫૫ જેટલા એકમોમાં એમિશન ટ્રેડિંગ સ્કીમની શરુઆત કરવામાં આવી હતી. વિદેશોમાં પ્રખ્યાત બનેલી આ યોજના પ્રમાણે, ઈટીએસ સ્કીમમાં જોડાનારા એકમોએ તેમના દ્વારા થતાં પ્રોડક્શનના પ્રમાણમાં કાર્બન ડિસ્ચાર્જ કરવા માટેની ક્રેડિટ આપવામાં આવે છે. પ્રર્દૂષણ નિયંત્રણ બોર્ડના સૂચન પ્રમાણે નવી ટેકનોલોજી અને મશીનરીઓનું ઈન્સ્ટોલેશન કરી જે એકમો પોતાની ક્રેડિટની મર્યાદા પ્રમાણે કાર્બન રિલીઝ કરે છે.

તે પોતાની બચેલી વધારાની ક્રેડિટનું ઓનલાઈન પ્લેટફોર્મથી અન્ય એકમોને ટ્રેડિંગ કરી શકે છે. આ યોજનામાં જોડાનારા એકમોએ કાર્બન ક્રેડિટની તર્જ પર ઈટીએસનું ટ્રેડિંગ કરવાનું હોઈ છે. પાંડેસરાના ૧૫૫ પૈકી ૧૫૦ એકમો દ્વારા ઈટીસીથી ૨૧ ટકા સુધી હવાનું પ્રર્દૂષણ ઘટાડી દેવાયું હોવાનો દાવો થઈ રહ્યો છે. સુરતના એકમો દ્વારા થઈ રહેલા પ્રર્દૂષણ નિયંત્રણના અભ્યાસ માટે અમદાવાદના ૧૫ ઉદ્યોગકારોની ટીમ પાંડેસરા આવી હતી. આ અંગે સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ જિતેન્દ્ર વખારિયા જણાવે છે કે, વર્ષ ૨૦૧૯માં જીપીસીબીના મેમ્બર સેક્રેટરી એન.એમ.તાભાણીના હસ્તે ઈટીએસની શરુઆત કરવામાં આવી હતી. ૨૮૦ ટન એમિશન ઉત્સર્જન કરવા સુધીની લિમિટ રાખવામાં આવી હતી. જે પૈકી જીપીસીબી દ્વારા ૨૦ ટનની ક્રેડિટ ઓપન ટુ ઓલ એક્સેસ માટે રાખવામાં આવી હતી. કોરોનાના સમયને જો બાદ કરવામાં આવે તો ઈટીએસના પરિણામ સ્વરુપ ૧૫૦ એકમો ૨૧ ટકા સુધી વાયુ પ્રર્દૂષણને નિયંત્રિત કરી શક્યા છે.

સરકારની યોજના પ્રમાણે પાંડેસરામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરુ થયેલા ઈટીએસને દેશના અન્ય ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં પણ શરુ કરવા આયોજન હતું. જેને પગલે અમદાવાદના પણ ટેક્સટાઈલ-કેમિકલ એકમોમાં ઈટીએસ શરુ કરવા ૧૫ ઉદ્યોગકારોનું ડેલિગેશન સુરત આવ્યું હતું. યોજનાથી થતી બચત અને ખર્ચ વિશે માહિતી મેળવી છે. ઉલ્લેખનીય છે કે, કોરોના પૂર્વે દિલ્હીના ઉદ્યોગકારોને પણ ઈટીએસ વિશે સુરતના ઉદ્યોગકારો દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી.

## ગુજરાત એટીએસએ ૫ કરોડના ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ કરી



અમદાવાદ

ગુજરાત એટીએસની ટીમે ૫ કરોડની કિંમતના માદક પર્દાથના જથ્થા સાથે એકની ધરપકડ કરી છે. આ આરોપી મુંબઈથી અમદાવાદ ડ્રગ્સ લઈને આવ્યો હતો. જેથી એટીએસની ટીમે વોચ રાખી તેને શાહીબાગથી ઝડપી લીધો અને ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. આ ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ૫ કરોડની આસપાસની છે. એટીએસએ આરોપીની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ અંગે મળતી માહિત અનુસાર, ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે, મુંબઈનો સુલ્તાન શેખ નામનો વ્યક્તિ ગેરકાયદે રીતે મુંબઈથી એક બેગમાં ડ્રગ્સનો મોટો જથ્થો લઈ અમદાવાદ આવી રહ્યો છે.

ટીમે બાતમીના આધારે શાહીબાગ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. થોડા સમય બાદ એક ઈસમ ત્યાંથી પસાર થતાં તેને ઊભો રાખી પૂછપરછ કરવામાં આવી હતી. ત્યાર બાદ તેની બેગ ચેક કરતાં બેગમાં બે ખાખી સેલોટેપથી વીંટાડેલાં પડીકાં મળી આવ્યાં હતાં. પડીકાને ખોલતાં અંદરથી મેથામ્ફેટામાઈન નામનું ડ્રગ્સ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી અને પૂછપરછની કામગીરી શરૂ કરી હતી. આરોપીએ જણાવ્યું કે તેને આ જથ્થો અજમેર શરીફ દરગાહના ખાદીમને ૧૮ જાન્યુઆરીએ રાત્રે અંદાજે ૯:૩૦ વાગે તેના માણસ મારફત મુંબઈની શાલિમાર હોટલ પાસે પહોંચાડ્યો છે.

ત્યાર બાદ સુલ્તાન મુંબઈથી બસમાં બેસી અમદાવાદ આવ્યો હતો, જ્યાં તે અમદાવાદને મુસા સુહાગ કબ્રસ્તાન સામે આવેલા મંદિરની બાજુમાં એક ઈસમને આપવાનો હતો. ત્યાર બાદ એટીએસની ટીમ એક કિલો મેથામ્ફેટામાઈન ડ્રગ્સ સાથે સુલ્તાનની ધરપકડ કરી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ એક કિલો ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય માર્કેટમાં અંદાજે ૫ કરોડની આસપાસની છે.

## ૩૦ જાન્યુઆરીએ દેશભરમાં ૨ મિનિટનું મૌન રખાશે




### શહિદ દિવસ માટે ગૃહ મંત્રાલયે જારી કર્યા નિર્દેશ

ન્યુ દિલ્હી

ગૃહમંત્રાલયે શહીદ દિનને લઈને તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સૂચનાઓ જારી કરી છે. ગૃહ મંત્રાલયે ૩૦ જાન્યુઆરીને સવારે ૧૧ વાગ્યે શહીદ દિન પર તમામ બે મિનિટ મૌન રાખવા રાજ્યોને કહ્યું છે. ૩૦ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે આખો દેશ બે મિનિટનું મૌન પાળશે. ૩૦ જાન્યુઆરી દેશમાં શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે જ, ૧૯૪૮ માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની નાથુરામ ગોડસેએ ગોળી મારી હત્યા કરી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે કે ૩૦ જાન્યુઆરીને દર વર્ષની જેમ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવશે. ૩૦ મી જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે બે મિનિટનું મૌન પાળવામાં આવશે. આ બે મિનિટમાં આખા દેશમાં કોઈ કામગીરી કે આંદોલન થશે નહીં. કચેરીઓ, શાળાઓમાં પણ કામ અટકશે. જ્યાં મૌન સંભળાવવા માટે સાયરન્સ ગોઠવવામાં આવ્યા છે ત્યાં સાયરન્સ વગાડવામાં આવશે. આ એલર્ટ ૧૦.૫૯ ના રોજ કરવામાં આવશે. આ પછી, દરેકને ૨ મિનિટ સુધી મૌન રહેવું પડશે.

## તંત્રી સ્થાનેથી......

ગુજરાતના રાજકારણના મોટા સમાચાર મળી રહ્યા છે. ગુજરાતમાં આગામી સ્વરાજ્યની ચૂંટણી પહેલા એઆઈએમઆઈએમના પ્રમુખની જાહેરાત કરી દેવામાં આવી છે. પૂર્વ ધારાસભ્ય સાબિર કાબલીવાલા એઆઈએમઆઈએમના પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. ત્યારબાદ ઔવેસીએ ટ્વીટ કરને અભિનંદન આપ્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ગુજરાતમાં અસદુદ્દીન ઓવેસીની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન પાર્ટી સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડી રહી છે, ત્યારે જમાલપુરના કોંગ્રેસ પૂર્વ ધારાસભ્ય સાબિર કાબલીવાલાને એઆઈએમઆઈએમ પાર્ટીના પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ કરવા માટે એઆઈએમઆઈએમ પાર્ટીના પ્રતિનિધિઓ હાલમાં જ બે દિવસીય મુલાકાત માટે અમદાવાદ આવ્યા હતા. એઆઈએમઆઈએમ પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા વારીશ પઠાણ અને મહારાષ્ટ્ર ઔરંગાબાદથી લોકસભા સાંસદ ઈમ્તિયાઝ જલીલે અમદાવાદની મુલાકાત લીધી હતી. અમદાવાદ એરપોર્ટ પર શાબિર કાબલીવાલા સહિત કેટલાક નેતાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અગાઉ વારીસ પઠાણ દ્વારા કરવામાં આવેલી ટ્વીટમાં જણાવવામાં આવ્યું હતું કે પાર્ટી અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીના નિર્દેશ પર તેઓ ગુજરાત આવ્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી આગળ પાર્ટીની શું રણનીતિ રહેશે એ અંગે હાલ કઈ જણાવવામાં આવ્યું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં છોટુ વસાવાની બીટીપી-ઓવેસીની એઆઈએમઆઈએમ પાર્ટી સાથે મળીને ચૂંટણી લડશે. આ વખતે આમ આદમી પાર્ટીએ પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણી તમામ બેઠકો પરથી લડવાની જાહેરાત કરી છે.

# જાબુંડિયા પાસે સ્કોર્પિયો પલટી, કારમાંથી દારૂ સાથે રાજકોટના બે પોલીસકર્મી નીકળ્યા




મોરબી

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે તે વાત ઓપન સિક્રેટ છે. રાજ્યના કોઈને કોઈ વિસ્તારમાં અવાર નવાર દારૂ પીધેલી હાલતમાં કે પછી દારૂની બોટલ કે જથ્થા સાથે ઘણાં નાગરિકો ઝડપાય છે. પરંતુ દારૂબંધીનું પાલન કરાવવાની જેના શિરે જવાબદારી છે એવા પોલીસકર્મીઓ પણ ઘણીવાર દારૂની હેરાફેરી કરતા પકડાઈ રહ્યા છે. આજે મોરબીના જાંબુડિયા ગામ પાસે આવેલા ઓવરબ્રિજ પાસેથી વહેલી સવારે એક સ્કોર્પિયો કાર પસાર થતી હતી, જે પલટી મારી જતા ખબર પડી કે આ ગાડીમાં દારૂનો જથ્થો છે અને કારમાં જે બે વ્યક્તિ બેઠા હતા તે બંને પોલીસ કર્મી હોવાનો ખુલાસો થયો છે. આ બન્ને પોલીસ કર્મી એવા રાજદીપસિંહ અશોકસિંહ જાડેજા(ઉંમર વર્ષ- ૨૬) અને પૃથ્વીરાજસિંહ રણજીતસિંહ જાડેજા (ઉંમર વર્ષ-૨૮) રાજકોટના છે.

લોક રક્ષક એવા રાજદીપસિંહ જાડેજા અને પૃથ્વીરાજસિંહ જાડેજા રાજકોટ શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર મોરબી નજીક જાંબુડિયા ઓવરબ્રિજ પાસેથી પસાર થતી એક સ્કોર્પિયો કાર પલ્ટી મારી ગઈ હતી. સ્કોર્પિયોએ પલટી મારતા જ કારમાં ભરેલો દારૂ બહાર આવ્યો હતો. જો કે, આ ઘટના ઉપર ઢાંકપીછોડો કરવા માટે દારૂને બીજી ઈકો કારમાં ભરી સગેવગે કરવાના પ્રયાસો કર્યા હતો અને પોલીસ સૂત્રોના કહેવા પ્રમાણે દારૂની પેટીઓના પુલ ઉપરથી નીચે ઘા પણ કર્યા હતા. એટલું જ નહીં, સ્થળ પર પહોંચેલા પોલીસ જવાનો સાથે પણ માથાકૂટ કરી હતી. પોલીસે હાલમાં દારૂની પેટીઓ તેમજ બિયર સાથે પૃથ્વીરાજસિંહ અને રાજદીપસિંહની ધરપકડ કરીને લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટના પોલીસકર્મી રાજદીપસિંહ અને પૃથ્વીસિંહ કાર લઈને રાજકોટ તરફ જતાં હતા ત્યારે તેની કાર પલટી મારી ગઈ હતી. તેની કારમાં રહેલો દારૂનો જથ્થો કચ્છથી લઈને આવ્યા હતા, જો કે, ક્યાં લઈને જવાના હતા તે પ્રશ્ન છે, અને શા માટે કારમાં દારૂનો જથ્થો ભરીને લઈને જતાં હતા તે દિશામાં તપાસ કરીને પોલીસે ફરિયાદ નોંધી છે.

# દમણથી અમદાવાદ આવતી કારના બોનેટમાંથી દારૂ પકડાયો



કરજણ

વડોદરા જિલ્લા એલસીબી પોલીસ કરજણ ટોલનાકે બાતમી આધારીત કારની વોચમાં હતા ત્યારે બાતમી આધારીત કાર આવતા પોલીસે કારણે રોકીતો કારમાં ત્રણ પુરુષ એક મહિલા અને એક કુતરું હતું જેથી પોલીસ વિચારવા લાગી. જ્યારે કારની ઝીણવટ ભરી તપાસ કરતા કારના બોનેટમાં એન્જિન પાસે વિદેશી દારૂની બોટલો મુકી હતી. તેમજ ડિકીમાં પણ ચોરખાનું બનાવી એમાં પણ વિદેશી દારૂની બોટલો મુકી હતી. આમા કુલ ૫૭ નંગ કિંમત ૪૪,૦૦૦ કારની કિંમત ૭,૦૦,૦૦૫ નંગ મોબાઇલ ૨૧,૦૦૦ આમ કુલ મળીને પોલીસે ૭,૬૫,૦૦૦ના મુદ્દામાલ સાથે એક મહિલા અને ત્રણ પુરુષ સહિત ચાર સામે ફરિયાદ દાખલ કરી છે. વડોદરા જિલ્લા એલસીબી પોલીસના જવાનો હે.કો વિપુલભાઈ, હે.કો મસૂલભાઈ, પો.કો વિનોદભાઈ, પો .કો વીજયભાઈ કરજણ નેશનલ હવે ૪૮.પર આવેલ ટોલનાકા પર બાતમી આધારીત કારની વોચમાં હતા ત્યારે દમણ તરફથી બાતમી વાળી કાર આવતા તેને રોકતા કારમાં ડ્રાઈવર સીટની બાજુમાં કૂતરું (ડોગ) હતું. ડ્રાઈવર સીટ પર શ્યામસુંદર મીઠુંલાલ શર્મા રહે બી ૫૩ હરીદર્શન સોસાયટી કઠવાડા રોડ એલવી હોસ્પિટલ અમદાવાદ પાછળની સીટ પર ધર્મેન્દ્રસિંહ રામકુમારસિંહ ભદોરીયા રહે બી ૫૦૫ બાપાશ્રીપાર્ક નવા નરોડા અમદાવાદ, હરગોવિંદ રામદાસ પંચાલ રહે ૩૨૫ સેક્ટર ૪ નીર્ણયનગર ચાંદલોડિયા અમદાવાદ, દિપ્તીબેન મુકેશભાઈ વ્યાસ રહે ઉમાકોલોની વાઘોડિયા રોડ, વડોદરા બેસેલ હતા. જેથી પોલીસે તમામને નીચે ઉતારી કારની ઝીણવટ ભરી તલાશી લેતા કારના બોનેટમાં એન્જિન પાસે અને ડિકીમાં ચોરખાનું બનવી એમા વિદેશી દારૂની ૫૭ નંગ બોટલો ૪૪,૦૦૦ કારની કિંમત ૭,૦૦,૦૦૫ નંગ મોબાઈલ ૨૧,૦૦૦ આમ કુલ મળીને પોલીસે ૭,૬૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે એક મહિલા અને ત્રણ પુરુષ સહિત ચાર સામે ફરિયાદ દાખલ કરી છે. પોલીસની આંખોમા ધૂળ નાખવા કારમાં કૂતરું અને અન્ય ઈસમો બેસાડી વિદેશી દારૂની વહન કરતા પોલીસે ઝડપી પાડ્યા.

# ધોળકામાં જમીનમાં નામ દાખલ કરાવવા ૨૫ લાખની લાંચ લેતા મામલતદાર ઝડપાયા

## ધોળકાના મામલતદાર હાર્દિકભાઈ ડામોર, વચેટિયા પાસેથી એસીબીએ પાંચ લાખ રૂપિયા કબજે કર્યા



ધોળકા,

અમદાવાદ જિલ્લાના ધોળકામાં મામલતદાર ૨૫ લાખ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા છે. જમીનમાં નામ દાખલ કરવા અંગે મામલતદારે ૨૫ લાખ રૂપિયાની લાંચ માગી હતી. આ અંગે બાતમી મળતાં જ એસીબીએ છટકું ગોઠવીને દરોડો પાડ્યો હતો અને મામલતદારને લાંચની રકમ સ્વીકારતાં ઝડપી લીધા હતા. ગત રાત્રે એસીબીએ મામલતદારને ઝડપી લેવાની કાર્યવાહી કરી હતી. છઝમ્ને મામલતદારની ઓફિસમાંથી ૨૦ લાખ રૂપિયાની રકમ મળી હતી, જ્યારે બીજા પાંચ લાખ રૂપિયા વચેટિયા પાસેથી કબજે કરવામાં આવ્યા હતા. આ કેસમાં મામલતદાર અને વચેટિયાની અટકાયત કરવામાં આવી છે.લાંચ લેતા પકડાયેલા મામલતદાર હાર્દિક ડામોર ના પિતા પૂર્વ જીં રહી ચૂક્યા છે, તેમજ તેમણે એસીબીમાં પણ કામ કર્યું છે. એટલું જ નહીં, તેમના ભાઈ તામિલનાડુમાં આઈજીપી કક્ષાના અધિકારી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે, જમીન મોજે બદરખાની સીમમાં આવેલી જમીનમાં ક્ષેત્રફળ સુધારણા તથા ખેડૂતમાંથી બિનખેડૂક કરેલી, જે ફરીથી ખેડૂત કરવા અંગેની અરજી મામલતદાર કચેરી ધોળકા ખાતે આપવામાં આવી હતી, જેના આધારે ક્ષેત્રફળ સુધારણા અંગેની કામગીરી કરી આપવા બદલ તથા બિનખેડૂત કરેલી જમીન ફરીથી ખેડૂત તરીકે કાયમ કરવા માટે ધોળકાના મામલતદાર હાર્દિકભાઈ ડામોરે ૨૫ લાખ રૂપિયાની લાંચ માગી હતી. ત્યારે આ રકમ નહીં આપવા માગતા ફરિયાદીએ આખરે એસીબીનો સંપર્ક કરતાં લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં મામલતદાર તથા તેમનો વચેટિયો એસીબીના છટકામાં લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ગુજરાત એસીબી વર્ષ ૨૦૨૦માં ૧૯૮ કેસ કરીને ૩૦૭ ભ્રષ્ટ સરકારી અને ખાનગી બાબુઓને લાંચ લેતાં રંગેહાથે પકડ્યા હતા, જેમાં વર્ગ-૧ના ૭ બાબુઓ સામેલ છે. અપ્રમાણસર મિલકતના ૦૮ કેસ કરીને રૂ.૫૦.૧૧ કરોડની બેનામી મિલકતો શોધી હતી. મહત્ત્વનું છે કે ૨૦૨૦ના વર્ષમાં એસીબીના કેસોમાં સજાનો દર ૪૦ ટકા રહ્યો હતો તેમજ એસીબીની ટ્રેપમાં પકડાયેલા દરેક સરકારી બાબુને સરેરાશ ૩૧ દિવસ સુધી જેલવાસ થયો હતો. ઉલ્લેખનીય છે કે છઝમ્એ ભૂતકાળના વર્ષો કરતાં ચાલુ વર્ષે સૌથી વધુ ધરપકડ અને અપ્રમાણસર મિલકતો શોધી કાઢી છે. ભ્રષ્ટ સરકારી બાબુઓની બેનામી મિલકતો શોધવા માટે યુનિટની રચના સમગ્ર દેશમાં સૌથી પહેલા ગુજરાત એસીબીમાં કરાઈ છે.

વર્ષ ૨૦૨૦માં એસીબી દ્વારા પકડાયેલા ૨૭૫ આરોપીને કુલ ૮૫૧૩ દિવસ જેલમાં રહેવું પડ્યું હતું, જેમાં ૫૬ આરોપી સાથે સુરત પહેલા નંબરે, ૫૩ આરોપી સાથે વડોદરા બીજા નંબરે અને ૪૪ આરોપી સાથે અમદાવાદ-રાજકોટ ત્રીજા નંબરે રહ્યા હતા. રાજ્યમાં ભ્રષ્ટાચારને ડામવા અનેક પ્રયાસો બાદ પણ લાંચિયા અધિકારીઓનો લોભ થોભતો નથી. એસીબી દ્વારા આજે પણ ભ્રષ્ટાચારને લઈને લોકોમાં જાગૃતિ આવે એ માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. એસીબી દ્વારા ૧૦૬૪ હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે, જેમાં પણ એસીબીને સફળતા મળી હોય તેમ લાગી રહ્યું છે. જાહેર સેવકોએ વસાવેલી અપ્રમાણસરની મિલકતો અને બેનામી મિલકતો શોધી કાઢી તેમની વિરુદ્ધ વધુમાં વધુ કેસો શોધી કાઢવા માટે સમગ્ર દેશમાં સૌપ્રથમ ગુજરાત એસીબીમાં એક આસિસ્ટન્ટ ડાયરેક્ટરના અધ્યક્ષપણા હેઠળ એક સ્ઠ્ઠછ (બેનામી અને અપ્રમાણસર મિલકત યુનિટ)ની રચના કરી છે, જે દેશમાં સૌપ્રથમ ગુજરાત એ.સી.બી.માં શરૂઆત થયેલી છે.

## બિચ્છુ ગેંગ સામે વડોદરામાં ૧૯૯૮થી અત્યાર સુધીમાં ૬૨ ગુના નોંધાયા છે

# 'ગુજસીટોક' હેઠળ વડોદરામાં પ્રથમ ગુનો: બિચ્છુ ગેંગના ૧૨ સાગરીતોની ધરપકડ



વડોદરા,

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં અમલમાં મૂકવામાં આવેલા 'ગુજસીટોક'(ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એક્ટ)ના કાયદા હેઠળ વડોદરામાં પ્રથમ ગુનો નોંધાયો છે. શહેરની માથાભારે બિચ્છુ ગેંગ સામે ક્રાઇમ બ્રાન્ચે 'ગુજસીટોક' હેઠળ ગુનો નોંધીને ૧૨ સાગરીતોની ધરપકડ કરવામાં આવી છે. જોકે, ગેંગનો મુખ્ય સૂત્રધાર અસલમ બોડિયો હાલ ભૂગર્ભમાં ઉતરી ગયો છે. ગુનાખોરી ડામવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ગુજસીટોક'નો કાયદો અમલમાં લવાયો હતો

માથાભારે ગુનેગારોને સબક શિખવાડવા અને ગુનાખોરી ડામવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ગુજસીટોક'નો કાયદો અમલમાં લવાયો હતો. રાજ્યના

## પોલીસે બિચ્છુ ગેંગના ૨૬ પૈકી ૧૨ સાગરીતની ધરપકડ કરી

મોટાભાગના શહેરોમાં માથાભારે શખ્સો સામે 'ગુજસીટોક' હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા છે, પરંતુ, વડોદરામાં આ કાયદા હેઠળ અત્યાર સુધી એક પણ ગુનો નોંધાયો ન હતો.

દરમિયાન, તાજેતરમાં ફતેગંજ પોલીસ સ્ટેશનની હદમાં વહેલી સવારે મોપેડ પર આવેલા ત્રણ શખસોએ ચપ્પુની અણીએ બે લોકોને લૂંટી લીધી હોવાનો બનાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ બનાવમાં પોલીસે બિચ્છુ ગેંગના માથાભારે અતિક સબદરહુસેન મલેક, મહમદસીદીક અબ્દુલસત્તાર મન્સુરી અને ફૈઝલ હુસેન શેખની ધરપકડ કરી હતી. જ્યારે શાહનવાઝ ઉર્ફે ચાઈનીઝ બાબા જુલ્ફીકારઅલી સૈયદની શોધખોળ કરવામાં આવી રહી છે. વડોદરા શહેરના જોઇન્ટ પોલીસ કમિશનર ચિરાગ કોરડીયા અને ડીસીપી જયદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, બિચ્છુ ગેંગ સામે વડોદરામાં ૧૯૯૮થી અત્યાર સુધીમાં ૬૨ ગુના નોંધાયા છે અને પોલીસે બિચ્છુ ગેંગના ૨૬ પૈકી ૧૨ સાગરીતની ધરપકડ કરી છે અને અસલમ બોડિયાને પકડવા માટે અમે ટીમો બનાવી છે અને તેન શોધખોળ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં અસલમ બોડિયાની બિચ્છુ ગેંગ સામે વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં મારામારી, રાયોટીંગ, ખંડણી, લૂંટ, મકાન-જમીન ખાલી કરાવવા જેવા અસંખ્ય ગુનાઓ નોંધાયા છે, ત્યારે બિચ્છુ ગેંગે ફરી માથુ ઉંચકતા પોલીસ એક્શનમાં આવી હતી. વડોદરા ક્રાઇમ બ્રાન્ચે સરકાર દ્વારા ગુનાખોરી ડામવા માટે નવા અમલમાં મૂકાયેલા 'ગુજસીટોક' હેઠળ બિચ્છુ ગેંગ સામે ગુનો નોંધ્યો હતો. અને ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. હાલ બિચ્છુ ગેંગનો મુખ્ય સુત્રધાર અસલમ બોડિયો ભુગર્ભમાં ઉતરી ગયો છે.

# CBIએ લાંચ કેસમાં પોતાના જ DSP સહિત ત્રણને દબોચ્યા

### બેંક કૌભાંડ કેસની મહત્વની ઈન્ફોર્મેશન લિક કરવા માટે લાંચ લેતા ઝડપાયા



ન્યુ દિલ્હી

એક બેંક કૌભાંડ કેસમાં ૫૫ લાખ રુપિયાની લાંચ લેવાના આરોપમાં કેન્દ્રિય એજન્સી સીબીઆઈએ પોતાના જ એક ડીએસપી, એક ઈન્સ્પેક્ટર અને એક વકીલની ધરપકડ કરી હતી. કેન્દ્રિય એજન્સીએ આ કેસમાં પોતાના જ ચાર અધિકારીઓ વિરુદ્ધ કેસ નોંધ્યા હતા. આ માટે સીબીઆઈએ ડીએસપીના સહારનપુર અને રુડકીના ઠેકાણાંઓ પર દરોડા પાડ્યા હતા જ્યાં એક કેસમાં આરોપી વ્યક્તિને રાહત અપાવવા માટે ૫૫ લાખ રુપિયાની લાંચ લેવામાં આવી રહી હતી.

સીબીઆઈએ ગત અઠવાડિયે ગાજિયાબાગમાં સીબીઆઈ એકેડમીમાં તૈનાત અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદ કરી તેમના ઠેકાણાંઓ પર રેડ પાડી હતી. તેમની પર આરોપ હતો કે વર્ષ ૨૦૧૮માં ત્રણ ખાનગી કંપનીઓએ બેંકો સાથે ખોટા દસ્તાવેજો પર લોન લઇ મોટા કૌભાંડ આચર્યા હતા.

આ કેસમાં લાંચ લેતા આરોપીઓ કેસ સાથે સંકળાયેલી મહત્વની ઈન્ફોર્મેશન કંપનીઓને આપી રહ્યા હતા જેથી કેસ નબળો પડે. ઈન્ફોર્મેશન આપવા બદલ સીબીઆઈ ડીએસપી અને ઈન્સ્પેક્ટર સહિત અન્ય એક વ્યક્તિએ ૫૫ લાખ રુપિયાની લાંચ લીધી હતી.

# ભાવનગર રેન્જમાં ૨૦૨૦ના વર્ષમાં ૩૨૪૭ ગુના દાખલ થયા, ૨૯૯૬ ગુના ડીટેક્ટ કરવામાં આવ્યા

ભાવનગર,

ગુજરાત સરકાર દ્વારા વ્યાજખોરી, જુગારનો ગેરકાયદેસર અડ્ડો તથા પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃતિને અકુંશમાં રાખવા માટે પાસા સુધારણા એક્ટ તથા લેન્ડ ગ્રેબીંગનો નવો કાયદો અમલમાં મુકવામાં આવ્યો છે. આજે ભાવનગર રેન્જ આઈજી અશોકકુમાર દ્વારા ત્રણ જિલ્લા ભાવનગર, બોટાદ અને અમરેલીની ક્રાઈમ ક્રાઈમ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં ત્રણેય જિલ્લાના પોલીસ અધિકારીઓને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા, વ્યાજખોરી અને ભૂમાફિયા વિરૂદ્ધ લેન્ડી ગ્રેબીંગનો ગુનો દાખલ કરવા આદેશ આપવામાં આવ્યો હતો. ભાવનગર રેન્જમાં ૨૦૨૦ના વર્ષમાં ૩૨૪૭ ગુના દાખલ કરી ૨૯૯૬ ગુના ડીટેકટ કરવામાં આવ્યા છે. ભાવનગર રેન્જમાં -૧૭ ગેંગ પર કેસ કરી ૮૬ આરોપીની અટકાયક કરવામાં આવી છે. જેમાં ભાવનગરમાં—૧૦ ગુના દાખલ કરી ૬૪ આરોપીની અટકાયત કરવામાં આવી છે, અમરેલી જિલ્લામાં ૭ ગુના દાખલ કરી ૨૨ આરોપીની અટકાયત કરવામાં આવી છે.

જુગારનો ગેરકાયદેસર અડ્ડો ચલાવનાર તથા પ્રોહિબીશનની ગેરકાયદેસર પ્રવતિ કરતા ૨૧૩ શખ્સો વિરૂધ્ધ પાસા કરવામાં આવ્યા છે. જેમાં ૫૫ વોરન્ટની બજવણી કરવામાં આવી છે . જેમાં ભાવનગરમાં ૫૨ શખ્સો વિરૂધ્ધ પાસા કરવામાં આવ્યા છે. તેમજ ૧૬ની વોરંટની બજવણી કરવામાં આવી છે. અમરેલીમાં ૧૨૬ શખ્સો વિરૂધ્ધ પાસા કરવામાં આવ્યા છે અને ૩૫ સામે વોરંટની બજવણી કરવામાં આવી છે. આ સિવાય બોટાદ જિલ્લામાં ૩૫ શખ્સો વિરૂધ્ધ પાસા કરવામાં આવ્યા છે જેમાં ૪ વોરંટની બજવણી કરવામાં આવી છે, લેન્ડ ગ્રેબીંગના રેન્જમાં ૫ ગુના દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ભાવનગરમાં ૩ તથા અમરેલી જિલ્લામાં ૨ ગુના દાખલ કરવામાં આવ્યા છે. ૨૦૨૦માં ભાવનગર રેન્જમાં ખૂનના ૬૯ ગુના દાખલ કરી ૬૯ ગુના ડીટેકટ કરવામાં આવ્યા છે, ખૂનની કોશિષના ૬૭ ગુના દાખલ કરી ૭ ગુના ડીટેકટ કરવામાં આવ્યા છે. ધાડના ૮ ગુના દાખલ કરી ૭ ગુના ડીટેકટ કરવામાં આવ્યા છે,

લૂંટના ૨૮ ગુના દાખલ કરી ૨૬ ગુના ડીટેકટ કરવામાં આવ્યા છે, ઘરફોડ ચોરીના ૧૪૦ ગુના દાખલ કરી ૮૫ ગુના ડીટેકટ કરવામાં આવ્યા છે. ચોરીના કુલ ૪૧૭ ગુના દાખલ કરી ૩૧૧ ગુના ડીટેકટ કરવામાં આવ્યા છે.

# અશાંતધારામાં સુધારાની જોગવાઈનું જાહેરનામું બહાર પાડવા મુદ્દે હાઈકોર્ટનો મનાઈ હુકમ

અમદાવાદ,

વર્ષ ૨૦૨૦ અશાંતધારા કાયદામાં કરવામાં આવેલા સુધારાની કેટલીક વિવાદાસ્પદ જોગવાઈઓને પડકારાતા ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને આગામી મુદત સુધી વર્ષ ૨૦૨૦માં અશાંતધારા કાયદામાં ઉમેરાયેલી કેટલીક જોગવાઈઓ અંગે જાહેરનામું બહાર ન પાડવાનો આદેશ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચે આ મુદ્દે રાજ્ય સરકારને નોટિસ પાઠવીને ખુલાસો માંગ્યો છે. આ મામલે વધુ સુનાવણી ૩ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવેલી અરજીમાં રજુઆત કરવામાં આવી છે કે અશાંતધારા કાયદામાં સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં જે સુધારો કરી જે નવી જોગવાઈઓ ઉમેરી છે તેનાથી અલગ વસવાટ અને બહુમતીવાદને સમર્થન મળશે. આ તમામ બાબતો ભારતના બંધારણ વિરુદ્ધ છે.

ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ મોહમદ ઈસા હકીમ તરફે દાખલ કરવામાં આવેલી અરજીમાં રજુઆત કરવામાં આવી છે કે કાયદામાં કરાયેલા સુધારાથી ઓળખ અને સમુદાય આધારિત વસવાટ સ્થપાશે, જે ભારતીય બંધારણના ભાઈચારો, બંધુત્વ, ધર્મનિરપેક્ષતા સહિતના મૂલ્યોનું ઉલ્લંઘન છે. કાયદામાં આ પ્રકારના સુધારાને લીધે અલગ વસવાટ સ્થપાશે. ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી પિટિશનમાં રજુઆત કરવામાં આવી છે કે અશાંતધારા કાયદામાં સુધારાનો ધાર્મિક લઘુમતીઓ વિરુદ્ધ ભેદભાવ કરવા માટે ઉપયોગ કરાશે. સરકાર અશાંતધારા કાયદા હેઠળ ધાર્મિક લઘુમતીઓને નોન-મુસ્લિમ વિસ્તારોમાં સંપત્તિ ખરીદતા રોકે છે અને તેનાથી જુહાપુરા જેવી અલગ વસવાટોનું સ્થાપન થાય છે.

આ કાયદાથી કલેકટર ધાર્મિક લઘુમતીઓની નોન મુસ્લિમ વિસ્તારમાં સંપત્તિ ખરીદવાની અરજી પણ ફગાવી દેવામાં આવે છે. જે ભારતીય બંધારણ વિરુદ્ધ છે. અશાંતધારા કાયદામાં ઉમેરાયેલી નવી જોગવાઈઓ ધાર્મિક લઘુમતીઓની વ્યક્તિગત પ્રતિષ્ઠાનું ઉલ્લંઘન છે. આ પ્રકારના કાયદા દેશની અખંડતા પર તરાપ છે. ૯૦ન દાયકામાં થતા કોમી તોફાનો દરમિયાન લોકોનું સામુહિક પલાયન અટકાવવા માટે વર્ષ ૧૯૯૧માં અશાંતધારો કાયદો ઘડવામાં આવ્યો હતો. જુના કાયદાની જોગવાઈઓ પ્રમાણે અશાંતધારા વિસ્તારમાં થોડા સમય સુધી સંપત્તિ ખરીદી શકાય નહીં. જોકે હવે ૨૦૨૦માં કાયદામાં કેટલીક જોગવાઈઓ ઉમેરવામાં આવી છે, જે ગેરબંધારણીય છે.

# રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર લૂંટના ઈરાદે એસ.ટી. બસ અને ટ્રક ઉપર પથ્થરમારો

રાજકોટ

રાજકોટના ગોંડલ રાજકોટ નેશનલ હાઈવે પર રામદ્વાર પાસે રાત્રિના દોઢ વાગ્યે એસ.ટી. બસ, ટ્રક તેમજ અન્ય એક વાહન ઉપર કોઈ અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરતા ટ્રક અને બસના કાચનો કચ્ચરઘાણ બોલી ગયો હતો. લુખ્ખાતત્વોએ લૂંટના ઈરાદે પથ્થરમારો કર્યો હતો.

જેમાં ટ્રક ડ્રાઈવર ઈજાગ્રસ્ત થતા સારવાર માટે સરકારી દવાખાને ખસેડાયો હતો. મળતી વિગતો મુજબ ભિલોડા એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા આદર્શસિંહ ઇન્દ્રસિંહ સોલંકી (ઉં.વ.૩૯) ભિલોડાથી સોમનાથ રૂટની એસ.ટી. બસ જીજે૧૮ઝેડ૫૦૦૫ લઈ પસાર થઈ રહ્યાં હતાં. ત્યારે ગોંડલ નજીક રામ દ્વાર પાસે ઓવરબ્રીજ ઉતરતા પથ્થરમારો થતાં બસના કાચ તુટી ગયો હતો. અચાનક પથ્થરમારો થતા બસ ઉમવાડા ચોકડીએ લઈ જઈ ઊભી રાખી હતી.

આ દરમિયાન જીજે૨૫ટી૭૬૦૯ ટ્રક પસાર થતા તેના ઉપર પણ પથ્થરમારો થતાં ટ્રકના ડ્રાઈવર રહીમભાઈ ભીખુભાઈ સોઢા (રહેવાસી-રાજકોટવાળા) ને દાઢીના ભાગે ઈજા થતાં સારવાર માટે સરકારી હોસ્પિટલે ખસેડાયા હતાં. બાદમાં બસના ડ્રાઈવર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાતા પોલીસે આઈપીસી કલમ ૩૩૭ ૪૨૭ ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે આ પથ્થરમારો ટીખળખોરોએ દ્વારા કરાયો છે કે કોઈ શખ્સો દ્વારા લૂંટના ઈરાદે કરાયો છે તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.

### ગુજરાતમાં એસીબીએ ઈતિહાસનો અપ્રમાણસર મિલકતનો સૌથી મોટો કેસ નોંધાયો

# નિવૃત્ત નાયબ મામલતદાર પાસેથી ૩૦ કરોડની અપ્રમાણસર મિલકત મળી આવતા ખળભળાટ

**કલોલ ખાતે ફરજ બજાવતા નિવૃત્ત ના.મામલતદાર વિરામ દેસાઇ પાસેથી ૩૦ કરોડની સંપત્તિ મળી આવતા સમગ્ર રાજ્યમાં ચકચાર મચી, વિરમ પાસેથી એસીબીને ૪ કરોડનું ટ્રાન્ઝેક્શન, 3 કરોડ રૂપિયાની કાર, 3 ફલેટ, ૨ બંગ્લા, ૧૧ દુકાન અને એક ઓફિસ સહિત બે પ્લોટ મળી આવ્યા**




ગાંધીનગર

ગુજરાત એસીબી દ્વારા એક બાદ એક મોટી કાર્યવાહીઓ કરવામાં આવી રહી છે. મામલતદાર સામે ૨૫ લાખની લાંચનો કેસ, આણંદના એએસઆઇ સામે ૫૦ લાખની લાંચનો કેસ બાદ હવે ગુજરાતના ઇતિહાસનો સૌથી મોટો કેસ એસીબીએ કર્યો છે. ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર સામે એસીબીએ ૩૦ કરોડની આવક કરતા વધારે સંપત્તિનો કેસ કર્યો છે.

ગુજરાત એસીબીના ઈતિહાસનો સૌથી મોટો કેસ સામે આવ્યો છે. ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર વિરમ દેસાઈ સામે આવક કરતા વધુ સંપત્તિની ફરિયાદ થઈ હતી. જેમા લાંચ રૂશ્વત વિરોધી શાખાએ તપાસ હાથ ધરી હતી, જેમા નિવૃત્ત નાયબ મામલતદાર વિરમ દેસાઈ પાસેથી રૂ.૩૦ કરોડથી વધુની સંપત્તિ મળી આવતા આખા ગુજરાતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર વિરમ દેસાઈ પાસેથી એ.સી.બીને ૪ કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન, ૩ કરોડ રૂપિયાની કાર, ૩ ફલેટ, ૨ બંગલા, ૧૧ દુકાન, એક ઓફિસ, ૨ પ્લોટ પણ મળી આવ્યા છે. આ સાથે જ આરોપી વિરમ દેસાઈ રેવન્યુ કર્મચારી સંગઠનના પ્રમુખ પણ રહી ચુક્યા છે. વિરમ દેસાઇ પાસે ઑડી, બીએમડબલ્યુ જેગુઆર, મર્સિડિઝ, હોન્ડા સિટી જેવી અનેક કારો મળી આવી છે.

ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર સામે એસીબીએ ૩૦ કરોડની અપ્રમાણસર મિલકતનો કેસ દાખલ કર્યો છે. કલોલ ખાતે ફરજ બજાવતા નિવૃત નાયબ મામલતદાર વિરમ દેસાઈ પાસેથી એસીએનને ૩૦ જેટલા બેંક એકાઉન્ટ પણ મળી આવ્યા છે અને ૪ કરોડ રૂપિયાનું ટ્રાન્જેકશન મળી આવ્યું છે. આ સિવાય રિયલ એસ્ટેટમાં પણ રોકાણ કર્યુ હોવાનું સામે આવ્યું છે.

## સાંસદ મધુસુધદન મિસ્ત્રીની ૨૦૧૮-૧૯ની ગ્રાન્ટમાં કૌભાંડની તપાસ સરકારે એસીબીને સોંપી

સાબરકાંઠાજિલ્લા આયોજન અધિકારી દ્વારા રૂ. ૯૭ લાખની રાજ્યસભા સાંસદ મધુસુધદન મિસ્ત્રીની ૨૦૧૮-૧૯ ની ગ્રાન્ટના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ કચેરીના કલાર્ક હિરેન મોદીની તાત્કાલિક અસરથી વડોદરા બદલી કરવા સહિત રાજ્ય સરકારે એસીબીને તપાસ સોંપી છે અને કૌભાંડ આચરનાર ત્રિપુટીએ એક કરતાં વધુ રાજ્યસભાના સાંસદોની ગ્રાન્ટ ચાઉં કર્યાનું ચર્ચાઈ રહ્યું છે અને રાષ્ટ્રીય પર્વની રૂ. ૩૦ લાખની ગ્રાન્ટમાં પણ ગેરરીતિ આચરાઇ હોવાનું કચેરી સૂત્રોમાં ચર્ચાઈ રહ્યું છે ત્યારે આ કૌભાંડમાં પારદર્શી તપાસ થાય તો કેટલાય મોટા માથાની સંડોવણી બહાર આવે તેમ હોવાનું જણાઈ રહ્યું છે. સાબરકાંઠા જિલ્લા આયોજન અધિકારીએ રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીની વર્ષ ૨૦૧૮ - ૧૯ ની ગ્રાન્ટમાં બારોબારિયુ કર્યું હોવાનું બહાર આવ્યા બાદ સમગ્ર કૌભાંડની પરતો એક પછી એક ખુલી રહી છે અને જોષી મોદી અને ડામોરની ત્રિપુટીએ રાજ્યસભાના એક કરતાં વધુ સાંસદની ગ્રાન્ટ અને રાષ્ટ્રીય પર્વ ઉજવણીની રૂ. ૩૦ લાખની ગ્રાન્ટમાં ગરબડ કર્યાની ચર્ચાઓ બહાર આવી રહી છે. જાણવા મળી રહ્યા મુજબ એક સિનીયર કોચના નામે આરબીએલ બેંકમાં ખાતુ ખૂલ્યું હતું અને નાણાં ટ્રાન્સફર કરી ગેરરીતિ આચરવામાં આવી હતી. આયોજન અધિકારી પરેશ જોષીની બદલી થયા બાદ નવા આયોજન અધિકારીએ રાજ્યસભા સાંસદની ગ્રાન્ટ અન્વયે કાગળ ઉપર જ કામ થયા હોવાનું કલેકટર સમક્ષ લાવતા કલેકટરે આખોયે મામલો જનરલ એડમિનીસ્ટ્રેટીવ ડિપાર્ટમેન્ટને સુપરત કર્યો હતો અને રૂ. ૯૭ લાખની ગેરરીતિ અંગે તપાસ હાથ ધરતાં ખળભળાટ મચી ગયો હતો. સમગ્ર મામલાની રાજ્ય સરકારે તપાસ એસીબીને સોંપી આયોજન અધિકારીની આવક કરતાં વધુ સંપત્તિઓની તપાસ હાથ ધરવા હુકમ કરવાની સાથે કચેરીના હિરેન મોદી નામના કલાર્કની તાત્કાલિક અસરથી વડોદરા બદલી કરાયાનું જાણવા મળી રહ્યું છે.

## ભાવનગર મહાનગરપાલિકાના ટેક સુપરિન્ટેન્ડેન્ટની પોલીસે કરી અટકાયત

ભાવનગર

ભાવનગર મહાનગરપાલિકામાં ટેક સુપરિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા અધિકારીની પોલીસે અટકાયત કરી હતી. બોગસ જન્મના દાખલાનો ઈશ્યુ કરવાના કેસમાં ભાવનગર ટેક્સ સુપરિન્ટેન્ડન્ટ રમેશભાઈ હાવલિયાના અક્ષર સાબિત થતાં પોલીસ તંત્ર દ્વારા અટકાયત કરાઈ. ભાવનગર મહાનગરપાલિકામાં બોગસ જન્મના દાખલા બતાવવાની ફરિયાદો સમયાંતરે ઊઠે છે.

ત્યારે સગીરા સાથે લગ્ન કરાવવા પ્રેમીએ પુખ્તવયની દર્શાવવા બોગસ દાખલાઓ મેળવ્યા બાદ સગીરાની માતાએ સ્કૂલ લિવિંગ રજૂ કરી અને આ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવતા તમામ મામલે ગાંધીનગર ખાતે દસ્તાવેજી પુરાવા અને ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવતા ભાવનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા ટેક્સ સુપરિન્ટેન્ડન્ટએ કર્યા હોવાનું સાબિત થતાં ભરત ઞનગર પોલીસ મથક દ્વારા અધિકારીને શરૂ નોકરીએ અટકાયત કરી હતી.

મહાનગરપાલિકા જન્મ-મરણ વિભાગમાં બોગસ દાખલા ઈશ્યૂ કરવામાં આવતા હોવાને લઈને અનેકવાર ફરિયાદો ઉઠી છે. ત્યારે વર્ષ ૨૦૧૯ માં આ મામલે વધુ એક દાખલો કાઢી દીધો હોવાની ઘટના સામે આવી હતી. જેમાં ભરતનગર વિસ્તારમાં રહેતી સગીરાને તેના પ્રેમી સાથે લગ્ન કરવા અંગે બોગસ દાખલો કાઢી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે તંત્ર દ્વારા ઊંડાણ પૂર્વક તપાસ કરવામાં આવતા તેમાં જાણવા મળ્યું હતું કે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઈસુ કરાયેલો દાખલો મહાનગરપાલિકા જન્મ વિભાગના જે તે સમયના સબ રજીસ્ટાર અને હાલમાં વ્યવસાય વેરાના સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા અધિકારી રમેશભાઈ સાવલિયાના અક્ષર હોવાનું બહાર આવ્યું હતું.

જે દસ્તાવેજી પુરાવાના આધારે ભાવનગર ભરતનગર પોલીસે ગાંધીનગર ખાતેથી ફોરેન્સિક લેબમાં થી રિપોર્ટ આવ્યા બાદ મનપાના અધિકારી રમેશ સાવલીયા ની અટકાયત કરી પોલીસ મથકે લઈ જવાયા હતા. મનપાના અધિકારી ની અટકાયત કરવામાં આવતા આ મામલો શહેરમાં ચર્ચાસ્પદ બન્યો હતો.

## રાજકોટમાં એક સ્ત્રી પર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યાની ફરિયાદ

**સ્ત્રી શોષણનો બનાવ: 'તારી પત્ની ભલે એકલી રહેતી તું ઘરે આવી જા'**




રાજકોટ

રાજકોટ શહેરમાં વધુ એક સ્ત્રી પર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાઈ છે. રાજકોટ શહેરના ઓમ નગરમાં રહેતી મહિલાએ પોતાના જેઠ-જેઠાણી પોતાના પતિ તેમજ પોતાના નણંદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. રાજકોટ શહેરમાં દિવસે ને દિવસે સ્ત્રીઓ ઉપર થતાં અત્યાચારની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજકોટ શહેરના મહિલા પોલીસ મથકમાં ભાવનાબેનને ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે, તેમના લગ્ન શિવલાલ અગ્રાવત સાથે થયા છે. લગ્ન થયાના બે વર્ષ બાદ સાસરિયાઓએ તેને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. મારા જેઠ જેઠાણી મારા પતિને કહેતા હતા કે તારી પત્ની ને તો કામવાળી તરીકે જ ઘરમાં રાખજે. તેમજ કોઈપણ જગ્યાએ સારો કે ખરાબ પ્રસંગ હોય તો તેને લઈને ત્યાં ન આવતો. જો તું તારી પત્ની ને ત્યાં લઈને આવીશ તો હું નહિ આવું એવું તું તારી પત્નીને કહેજે. જે અંતર્ગત મારા પતિ મને સારા કે માઠા પ્રસંગે મને બહાર ન લઈ જતા. તો સાથે જ મારા નણંદ પણ મારા પતિને મારી વિરુદ્ધ ભડકાવતા હતા. મારા નણંદ મારા પતિ ને કહેતા હતા કે, શિવા તું ઘરે આવી જા એ ભલે એકલી રહે. જેના કારણે મારા પતિ મારી સાથે અવારનવાર ઝઘડો કરતા હતા. મને ગાળો આપી મારી સાથે મારકૂટ પણ કરતા તેમજ કરિયાવરની માગણી કરી ત્રાસ પણ આપતા હતા. ત્યારે રાજકોટ શહેરના મહિલા પોલીસે મહિલાની ફરિયાદ ઉપરથી તેના પતિ શિવલાલ અગ્રાવત, જેઠ મનુભાઈ અગ્રાવત, જેઠાણી ગીતાબેન અગ્રાવત તેમજ નણંદ જયા નિમાવત સામે ફરિયાદ નોંધી છે. ત્યારે પોલીસે તમામ આરોપીઓ વિરૂદ્ધ આઈપીસીની કલમ ૩૨૩, ૫૦૪, ૧૧૪ તેમજ દહેજ ધારાની કલમ ૩ અને ૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.